# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૭૨ તા.૨૩-૩-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના તમામ મુ. શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં મહાત્મા ગાંધી સ્વછતા અભિયાન અંતર્ગત રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ તથા બાળકોને આ અભિયાનમાં સામેલ કરવાના હેતુથી રાજયભરની તમામ પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા અભિયાન ચલાવીને શાળાઓને સ્વચ્છ રાખવા સારૂ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા માટે સાધનો ખરીદવા માટે વર્ષ : ૨૦૧૬-૧૭ અંતર્ગત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા ગ્રાન્ટની ફાળવણી સર્વ શિક્ષા અભિયાનના માધ્યમથી SMC EDU. ના ખાતામાં ગ્રાન્ટની ફાળવણી કરેલ છે તો આ ગ્રાન્ટ ચાલુ નાંણાકીય વર્ષમાં વપરાશ કરી ગ્રાન્ટનું વપરાશી પ્રમાણપત્ર બીટ સુપરવાઈઝરના માધ્યમથી મોકલી આપશો.

**સ્વચ્છતા કીટની નીચે મુજબની વસ્તુઓનો સમાવેશ થાય છે.**

| ક્રમ | પ્રાયમરી | અપર પ્રાયમરી |
|---|---|---|
| ૧ | ડસ્ટબીન નંગ – ૨ નંગ (૪૦લીટર પ્રતિ નંગ) | ડસ્ટબીન નંગ – ૪ નંગ (૪૦લીટર પ્રતિ નંગ) |
| ૨ | સાવરણા – ૨ નંગ (૩૫૦ થી ૪૦૦ ગ્રામ પ્રતિ નંગ) | સાવરણા – ૪ નંગ (૩૫૦ થી ૪૦૦ ગ્રામ પ્રતિ નંગ) |
| ૩ | સાવરણી - ૨ નંગ (૨૫૦ થી ૩૦૦ ગ્રામ પ્રતિ નંગ) | સાવરણી - ૪ નંગ (૨૫૦ થી ૩૦૦ ગ્રામ પ્રતિ નંગ) |
| ૪ | મોટા સાવરણા - ૨ નંગ | મોટા સાવરણા - ૪ નંગ |
| ૫ | પોતા – ૨ નંગ | પોતા – ૪ નંગ |
| ૬ | ડોલ – ૨ નંગ (૨૦ લીટર પ્રતિ નંગ) | ડોલ – ૪ નંગ (૨૦ લીટર પ્રતિ નંગ) |
| ૭ | સુપડી – ૨ નંગ | સુપડી – ૪ નંગ |

ગ્રાન્ટ ફાળવણી (શાળા દીઠ)

| પ્રાયમરી | અપર પ્રાયમરી |
|---|---|
| રૂ. ૨૪૦૦/- | રૂ. ૪૮૦૦/- |

➢ ગ્રાન્ટ વપરાશમાટે નીચેની શરતોની આધીન ખર્ચ કરવાનો રહેશે:

- સ્વચ્છતા કીટ એસ.એમ.સી. (એજ્યુ.) કક્ષાએથી ખરીદવાની હોવાથી ગ્રાન્ટની ફાળવણી કરેલ છે.
- આ યોજના હેઠળ લોઅર પ્રાયમરી શાળાએ રૂ. ૨૪૦૦/- અને અપર પ્રાયમરીએ રૂ. ૪૮૦૦/- સ્વચ્છતા કીટ માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી અન્ય કોઈ હેતુ માટે ખર્ચ કરી શકાશે નહી. અને ખર્ચ ફાળવેલ ગ્રાન્ટની સમય મર્યાદામાં કરવાનો રહેશે.
- આ યોજના હેઠળ ખરીદવામાં આવેલ સાધન- સામગ્રી યોગ્ય ગુણવત્તાવાળી અને સારી બ્રાન્ડની ખરીદવાની રહેશે. જેની ચકાસણી સુપરવાઈઝરશ્રી દ્વારા કરવામાં આવશે.
- આ અંગેની ખરીદી સરકાર માન્ય પધ્ધતિ અનુસાર, સરકાર માન્ય સંસ્થા કે સ્થાનિક વિક્રેતા મારફતે કરવાની રહેશે.
- આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના પરિપત્રો અને નાંણાકીય નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
- આ ગ્રાન્ટ વપરાશ બાબતે નાંણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
- આ યોજના અંગેનો ખર્ચ ઓડિટને આધીન રહેશે.

**વપરાશી પ્રમાણપત્ર**

**આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સ્વચ્છતા કીટ અંગે વર્ષ : ૨૦૧૬-૧૭ દરમ્યાન રૂ. ....... ગ્રાન્ટ જમા થયેલ હતી. જે પૈકી રૂ..... ખર્ચ થયેલ છે. સદર ખર્ચ નિયમાનુસાર તથા મળેલ ગ્રાન્ટની મર્યાદામાં થયેલ છે. જે ખરૂ અને બરાબર છે.**

**તારીખ:**

**સ્થળ:**

**શાળાનું નામ:**

**શાળાનો ડાયસ કોડ:**

**અધ્યક્ષના સહી સિક્કા:** **સભ્ય સચિવના સહી સિક્કા**

ઉપર દર્શાવ્યા મુજબનું ગ્રાન્ટ વપરાશી પ્રમાણપત્ર તા:૩૧/૩/૨૦૧૭ ના રોજ બીટ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવાનું રહેશે.

તા.૨૩-૩-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# વપરાશી પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સ્વચ્છતા કીટ અંગે વર્ષ : ૨૦૧૬-૧૭ દરમ્યાન રૂ. ....... ગ્રાન્ટ જમા થયેલ હતી. જે પૈકી રૂ..... ખર્ચ થયેલ છે. સદર ખર્ચ નિયમાનુસાર તથા મળેલ ગ્રાન્ટની મર્યાદામાં થયેલ છે. જે ખરૂ અને બરાબર છે.

તારીખ:

સ્થળ:

શાળાનું નામ:

શાળાનો ડાયસ કોડ:

અધ્યક્ષના સહી સિક્કા: સભ્ય સચિવના સહી સિક્કા